RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર


NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 9 Issue No. 359 Date: 19.10.2023,Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ફિક્સ પગાર મેળવતા રાજ્યના તમામ કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં ૩૦ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો



ગાંધીનગર,તા.૧૮

ગુજરાત સરકારના ફિક્સ પે ના કર્મચારીઓને દિવાળી પહેલા મોટી ભેટ આપી છે. ફિક્સ પેના કર્મચારીઓના પગારમાં વધારાની જાહેરાત રાજ્ય સરકારે કરી છે. લાંબા સમયથી ફિક્સ પેના કર્મચારીઓને કોઈ પગાર વધારો આપવામાં આવ્યો ન હતો, તેથી હવે સરકારે ફિક્સ પેના કર્મચારીઓ માટે પગાર વધારાની જાહેરાત કરી છે. ટૂંક સમયમાં જ સરકાર તેની સત્તાવાર જાહેરાત કરી છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ફિક્સ પગારના કર્મચારીઓ માટે નિર્ણય કર્યો છે. કર્મચારીઓના પગારમાં ૩૦ ટકાનો ફ્લેટ વધારો થયો છે. ૩૧ ઓક્ટોબરથી આ નવો પગાર વધારો અમલમાં આવશે. ૧ ઓક્ટોબરથી તેનો અમલ થશે. ૬૧ હજાર જેટલા ફિક્સ પેના કર્મચારીઓને તેનો લાભ મળશે. આ જાહેરાતથી કર્મચારીઓના પરિવારોમાં ખુશીનો માહોલ થશે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ફિક્સ પગારના તમામ કર્મચારીઓના હિતમાં વધુ એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યના ફિક્સ-પગાર આધારિત ૬૧,૫૬૦ કર્મચારીઓના પ્રવર્તમાન વેતનમાં ૩૦ % જેટલો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેની અમલવારી તા.૧ લી ઓક્ટોબર ૨૦૨૩ની અસરથી કરવામાં આવશે.

વધુમાં તેમણે ઉમેર્યુ કે, ગુજરાતના વિકાસમાં રાજ્યના કર્મચારીઓનો ખુબ જ મહત્વનો ફાળો રહ્યો છે. દરેક સરકારી યોજનાઓના અમલીકરણ તથા તેના પર યોગ્ય દેખરેખ થકી છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભ પહોંચાડવામાં કર્મચારીઓએ હંમેશા ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ત્યારે દિવાળી પૂર્વે લેવામાં આવેલા આ નિર્ણય રાજ્યના પ્રત્યેક ફિક્સ પગારના કર્મચારીઓ તથા તેમના પરિવારજનો માટે ખુશીની લહેર લાવશે તેવો વિશ્વાસ મંત્રીએ વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત કેન્દ્રીય સરકાર ના કર્મચારીઓને ૪ ટકા ડીએનો વધારો કર્યો તે વધારો રાજ્ય સરકાર ના કર્મચારીઓને પણ મળશે. હજુ રાજ્ય સરકારને? જૂનું મોંઘવારી ભથ્થુ આપવાનું બાકી છે તે એરીયર્સ સાથે આપવાની જાહેરાત રાજ્ય સરકાર ભવિષ્યમાં કરી શકે છે. જૂનું અને નવું બંને રાજ્ય સરકાર ભવિષ્યમાં આપશે.

આ નિર્ણયથી વર્ગ-૩ના ૪૪૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૩૮,૦૯૦ થી વધીને રૂ. ૪૯,૬૦૦ થશે. ઉપરાંત વર્ગ-૩ ના ૪૨૦૦ અને ૨૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૩૧,૩૪૦ થી વધીને રૂ. ૪૦,૮૦૦ થશે.વર્ગ-૩ ના ૨૪૦૦, ૨૦૦૦, ૧૯૦૦ અને ૧૮૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૧૯,૯૫૦ થી વધીને રૂ. ૨૬,૦૦૦ થશે. જ્યારે વર્ગ-૪ ના ૧૬૫૦,૧૪૦૦ અને ૧૩૦૦ ગ્રેડ પે ધરાવતા કર્મચારીઓનો પ્રવર્તમાન માસિક ફિક્સ પગાર રૂ. ૧૬,૨૨૪ થી વધીને રૂ. ૨૧,૧૦૦ થશે. આ નિર્ણયથી રાજ્ય સરકારની તિજોરી પર વાર્ષિક રૂ.૫૪૮.૬૪ કરોડ રૂપિયાનું ભારણ વધશે.

## વડોદરા ૩૦૦ કરોડની પ્રોપર્ટી માટે ભાણેજે જ સોપારી આપી કરાવી માસીની હત્યા

વડોદરા,તા.૧૮

વડોદરામાં એનઆઈઆર મહિલાની હત્યાનો ભેદ આખરે ઉકેલાયો છે. ૧૦૦ કરોડની પ્રોપર્ટી હડપી લેવા માટે એનઆઈઆઈ મહિલા સુલોચના અમીનને તેના ભાણેજ નયને જ ૨ લાખ રૂપિયામાં સોપારી આપી હતી. રવિવારે પહેલાં નોરતે રાતે ૧૦ વાગે હત્યા કરવાનું નક્કી કર્યું. જેનુ કારણ એ હતું કે, હવેલીથી અઢીસો મીટર દૂર શેરી ગરબામાં વાગતા લાઉડ સ્પીકરના અવાજમાં વૃદ્ધાની ચીસો દબાઈ જાય. આમ, તરસાલી ગામે વૃદ્ધાની હત્યાના કેસમાં ફરિયાદી જ આરોપી નીકળતા પોલીસે ભાણેજની ધરપકડ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાના તરસાલી વિસ્તારમાં ૭૬ વર્ષના એનઆઈઆઈ મહિલા સુલોચનાબેન અમીન તેમના ભાણેજ નયન ઉર્ફે લાલુ અમીન સાથે રહેતા હતા. સુલોચનાબેનના પતિનું નિધન થયુ હોવાથી અને તેમને કોઈ સંતાન ન હોવાથી ભાણેજ નયન તેમની સાથે રહેતો હતો. સુલોચનાબેનને કોઇ સંતાન નહીં હોવાથી તેઓ નટુભાઇ ધુળાભાઇ અમીનના દીકરા સંજયને પોતાનો દીકરો માન્યો હતો. સંજય હાલમાં અમેરિકામાં રહે છે. પરંતુ બીજી તરફ નયનને આશા હતી કે, સુલોચનાબેન તેઓની પ્રોપર્ટી મને આપશે. પરંતું એવુ ન થયું. આ વાતનો ખાર રાખીને નયને સુલોચનાબેનની હત્યાનો પ્લાન બનાવ્યો હતો.

નયન અમીને ઘરની પાસે જ રહેતા હેમંત પટેલે ભેગા મળીને સુલોચનાબેનની હત્યા માટે પ્લાનિંગ બનાવ્યુ હતું. હેમંતને પણ સુલોચનાબેન પર ગુસ્સો હતો. કારણ કે, તે સુલોચનાબેનના મકાનમાં ભાડેથી રહેતો હતો. પરંતું હેમંતને દારૂ પીવાની આદત હોવાથી સુલોચનાબેને તેને મકાન ખાલી કરવા કહ્યું હતું. તેથી બંનેએ મળીને તેમની હત્યાનો પ્લાન બનાવ્યો હતો.

## દહેગામમાં ૧૪૦૦ કિલો શંકાસ્પદ ક્રીમનો જથ્થો ઝડપાયો

અમદાવાદ,તા.૧૮

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં દૂધની ડેરીના કોલ્ડ સ્ટોરેજમાંથી શંકાસ્પદ ક્રીમનો જથ્થો ઝડપાયો છે. ૧ હજાર ૩૯૮ કિલ્લો શંકાસ્પદ ક્રીમનો જથ્થો ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.

દહેગામ શહેરના લુહાર ચકલા વિસ્તારમાં જલારામ ડેરીમાં દરોડા પાડવમાં આવ્યા હતા. જ્યાંથી દહેગામની દૂધની ડેરીના કોલ્ડ સ્ટોરેજમાંથી ક્રીમનો જથ્થો ઝડપાયો હતો. ડેરીના કોલ્ડ સ્ટોરેજમાંથી રૂપિયા ૩,૩૫,૫૨૦ની કિંમતનો ૧૩૯૮ કિલોગ્રામ શંકાસ્પદ ક્રીમનો જથ્થો મળી આવ્યો છે. રૂપિયા ૩ લાખથી વધુની કિંતનો આ શંકાસ્પદ ક્રીમનો જથ્થો ક્યાંથી આવ્યો અને ક્યાં મોકલવાનો હતો તે દિશામાં તપાસ હાથ ધરાઈ છે.શંકાસ્પદ ક્રીમનો જથ્થો અમદાવાદના કુબેરનગરમાં દ્વારકેશ ડેરીના માલિકનો હોવાનું ખૂલ્યુ છે. દ્વારકેશ ડેરી પ્રોડક્ટના માલિક જીગ્નેશ બારોટે મિત્રના ત્યાં ક્રીમનો જથ્થો રાખ્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ વિભાગે ક્રીમના જથ્થાને સીઝ કરી નમૂના લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાઝા હોસ્પિટલ પર રોકેટથી હુમલો, ૫૦૦થી વધુના મોત, ચારેબાજુ ક્ષત-વિક્ષત લાશોના અંબાર

નવીદિલ્હી,તા.૧૮

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ થોભવાનું નામ લઈ રહ્યું નથી. તેમાં અત્યાર સુધીમાં બંને પક્ષના ૪૫૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને ઈઝરાયેલ સાથે એકતા દર્શાવવા માટે આજે તેલ અવીવ પહોંચી રહ્યા છે. પરંતુ તેના પહેલા મંગળવારે એક એવી ઘટના બની કે કર્યા પર પાણી ફરી વળ્યું, મંગળવારે મોડી રાત્રે હમાસે દાવો કર્યો હતો કે ઈઝરાયેલી સેનાએ ગાઝાની એક હોસ્પિટલ પર હુમલો કર્યો હતો, જેમાં અત્યાર



સુધીમાં ૫૦૦ લોકોના મોત થયા છે. હમાસના દાવા પર ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ પણ પ્રતિક્રિયા આપી છે.

આ ઘટના પર ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિનએ કહ્યું કે આખી દુનિયાએ જાણવું જોઈએ કે ગાઝામાં બર્બર હુમલો ઈઝરાયેલની સેનાએ નહીં પરંતુ આતંકવાદીઓએ કર્યો હતો. જે લોકો અમારા બાળકોને નિર્દયતાથી મારી નાખે છે, તેઓ પોતાના બાળકોને પણ મારી નાખે છે.

ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ અનુસાર,ˆછઈ અને રશિયાએ ઈઝરાયેલ - પેલેસ્ટાઈન સંઘર્ષને લઈને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ઈમરજન્સી બેઠક બોલાવી છે. આ બેઠક ગાઝાની હોસ્પિટલ પર થયેલા હુમલા બાદ બોલાવવામાં આવી છે, જેમાં ૫૦૦થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. સાઉદી અરેબિયા, યુએઈ, બહેરિન, ઈજિપ્ત, જોર્ડન અને તુર્કીએ ઈઝરાયેલ પર ગાઝાની એક હોસ્પિટલ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે, જેમાં સેંકડો પેલેસ્ટિનિયનો માર્યા ગયા હતા. આ હુમલા બાદ બહેરીને તાત્કાલિક યુદ્ધવિરામની અપીલ કરી છે.

અગાઉ આઈડીએફએ માહિતી આપતા જણાવ્યું હતું કે હોસ્પિટલ પર હુમલા માટે ઈસ્લામિક જેહાદ જવાબદાર છે. ˆહ્લએ કહ્યું, દુશ્મનો દ્વારા ઈઝરાયેલ પર ઘણા રોકેટ છોડવામાં આવ્યા હતા, જેમાંથી એક નિષ્ફળ ગયું હતું, જેણે ગાઝાની આ હોસ્પિટલને નિશાન બનાવી હતી. અમારી પાસે ઉપલબ્ધ વિવિધ ગુપ્તચર માહિતી અનુસાર, હોસ્પિટલ પરના આ રોકેટ હુમલા માટે ઈસ્લામિક જેહાદ આતંકવાદી સંગઠન જવાબદાર છે.

આ હવાઈ હુમલો મધ્ય ગાઝામાં અલ અહલી હોસ્પિટલ પર થયો હતો. તેને ગાઝા પટ્ટીની છેલ્લી ક્રિશ્ચિયન હોસ્પિટલ તરીકે બતાવવામાં આવી રહી છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે દાવો કર્યો હતો કે ઈઝરાયેલી સેનાએ મંગળવારે રાત્રે અલ અહલી અરેબિક બેપ્ટિસ્ટ હોસ્પિટલ પર હવાઈ હુમલો કર્યો હતો. આ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં ઘાયલ અને અન્ય પેલેસ્ટાઈનીઓ આશરો લઈ રહ્યા હતા.લેબનોનના હિઝબુલ્લાએ ગાઝા પટ્ટીમાં હોસ્પિટલમાં વિસ્ફોટની નિંદા કરતા 'ક્રોધ દિવસ'ની અપીલ કરી છે. હિઝબુલ્લાએ ઈઝરાયેલને નરસંહાર ગણાવીને દોષી ઠેરવ્યા છે. હિઝબુલ્લાહે હુમલાને ×નરસંહાર× અને ×ક્રૂર અપરાધ× તરીકે વર્ણવતા કહ્યું કે, ×બુધવાર, દુશ્મનો વિરુદ્ધ ગુસ્સાનો દિવસ બની રહે.ગાઝાપટ્ટીના અલ અહલી અરબ હોજીઈએ અને તેને નિશાન બનાવવી જોઈએ નહીં.

## ઈરાનની ધમકી - ગાઝામાં હૂમલા બંધ કરો, નહીં તો મુસ્લિમ સેનાઓને રોકવી મુશ્કેલ થઈ જશે

નવીદિલ્હી,તા.૧૮

ઈઝરાયેલ-હમાસ યુદ્ઘના ૧૧મા દિવસે અમેરિકા ઈઝરાયેલમાં પોતાના ૧૧ હજાર સૈનિકો તૈનાત કરી શકે છે. અહેવાલ મુજબ, આ સૈનિકો સીધા યુદ્ઘ નહીં લડે, પરંતુ ઈઝરાયેલી દળોને તકનીકી અને તબીબી સહાય પૂરી પાડશે. આ દરમિયાન યુએસ આર્મી ચીફ માઈકલ એરિક કુરિલા મંગળવારે ઈઝરાયેલ પહોંચ્યા હતા. એવું માનવામાં આવે છે કે તેઓ અમેરિકન સૈનિકોની તૈનાતીની રૂપરેખાને અંતિમ સ્વરૂપ આપી શકે છે.

બીજી તરફ ઈરાને ઈઝરાયેલ અને તેને ટેકો આપતા દેશોને કડક ચેતવણી આપી છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા ખોમેનીએ મંગળવારે કહ્યું કે જો ઈઝરાયેલ ગાઝા પર બોમ્બમારો બંધ નહીં કરે તો વિશ્વ મુસ્લિમ ફોર્સને રોકી શકશે નહી. અહીં રશિયાના રાષ્ટ્રપતિ પુતિને ઈઝરાયેલના પીએમ નેતન્યાહૂ સાથે વાત કરી હતી. તેમણે કહ્યું-રશિયા યુદ્ઘને વધતું રોકવા માટે જરૂરી પગલાં લઈ રહ્યું છે.

૭ ઓકટોબરે ઈઝરાયેલમાં હમાલ હૂમલા બાદથી ઈઝરાયેલ દળો ગાઝા પર સતત બોમ્બમાર કરી રહ્યા છે. આ હૂમલા દિક્ષણ ગાઝાના ખાન યુનિસ અને રફાહમાં કરવામાં આવ્યા છે. માહિતી મળી છે કે ત્યાં ૨૪ કલાકમાં બાળકો સહિત ૭૦થી વધુ લોકોના મોત થયા છે. યુદ્ઘમાં અત્યારસુધીમાં ઈઝરાયેલના૧૪૦૦ લોકો, ગાઝાના ૨૮૦૮ લોકો અને વેસ્ટ બેંકના ૫૭ લોકો માર્યા ગયા છે. હમાસના લશ્કરી પ્રવકતા અબુ ઓબેદાએ જણાવ્યું હતું કે તેમની પાસે ૨૦૦થી ૨૫૦ નાગરિકો કેદમાં છે.

## ઓલિમ્પિક રમતોના વિસ્તારમાં કામદારોની હડતાળ, કહ્યું- કાગળ નહીં તો કોઈ રમતો પણ નહીં

પેરિસ,તા.૧૮

ઉત્તારીય પેરિસમાં મંગળવારે કેટલાક કામદારોએ ઓલિમ્પિક ગેમ્સના વિસ્તારમાં એક સાઈટ પર કામગીરી અટકાવી દીધી હતી. પોતાના કોન્ટ્રાક્ટ અને ફ્રેંચ રેસિડેન્સી પરમિટની માગ માટે દબાણ ઊભુ કરવા કામદારોએ હડતાળ શરુ કરી દીધી હતી.કાયદેસર રહેઠાણ અને વર્ક પરમિટ મેળવવા માટે આ હડતાળનું શસ્ત્ર ઉગામવામાં આવ્યુ હતુ.મંગળવારે લગભગ ૧૨૦ જેટલા કામદાર સાઈટ પર એકઠા થયા હતા અને સાઈટ પર ચાલતુ કામ અટકાવી દીધુ હતુ. તેમણે તેમની માગો પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્થળ ન છોડવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. આ સાઈટ પર પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં બેડમિન્ટન અને જિમનાસ્ટિક પ્રતિયોગિતા યોજાવાની છે. હડતાળ પર ઉતરેલા લગભગ ૨૦ કામદારોએ કહ્યું હતુ કે તેમને પોર્ટે ડે લા ચૈપલ એરેના સાઈટ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

તો અન્ય કેટલાક કામદારોએ જણાવ્યુ હતુ કે તેમણે સમગ્ર શહેરમાં નિર્માણ સ્થળો પર સમાન પરિસ્થિતિયોમાં કામ કરેલુ છે. તમને જણાવી દઈએ કે કામદારો તેમના એમ્પ્લોયરને કાયદેસર રહેઠાણ અને વર્ક પરમિટ મેળવવા માટે તેમને દસ્તાવેજો પ્રદાન કરવાની માગ કરી રહ્યા છે.બીજી તરફ પેરિસ ૨૦૨૪ના આયોજકોએ વચન આપ્યું હતું કે ગેમ્સ સામાજિક રીતે જવાબદાર હશે. ૨૦૧૯માં તેમણે ટ્રેડ યુનિયનો અને એમ્પ્લોયર સંસ્થાઓ સાથે સામાજિક ચાર્ટર પર હસ્તાક્ષર કર્યા હતા.જો કે નેશનલ કોન્ફેડરેશન ઓફ વર્કર્સ – વર્કર સોલિડેરિટી સાથેના ટ્રેડ યુનિયનિસ્ટ આર્નોડ ડી રિવેરી ડે લા મ્યુરે ઓલિમ્પિક સ્થળોની શરતોની ટીકા કરી હતી.તેમણે કહ્યું હતુ કે, કાર્યવાહીમાં ભાગ લેતા તમામ કામદારોને બોયગ્યુસ કન્સ્ટ્રક્શન દ્વારા અનૌપચારિક રીતે પેટા કોન્ટ્રાક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેઓ ઈમેઈલ અથવા ફોન દ્વારા તરત જ પહોંચી શકતા નથી.

## મહારાષ્ટ્રના એરપોર્ટ પરથી ૭૦ કરોડના કોકેઈન સાથે ચાર લોકોની ધરપકડ

મુંબઈ,તા.૧૮

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ એ મંગળવારે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. એજન્સીએ બે વિદેશી નાગરિકો સહિત ચાર લોકોની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૭૦ કરોડની કિંમતનું સાત કિલોગ્રામ કોકેન જપ્ત કરવામાં આવ્યું છે. એક અધિકારીએ આ માહિતી આપી. ડીઆરઆઈના મુંબઈ પ્રાદેશિક એકમે એક આરોપી પાસેથી પાંચ ગોળીઓ સાથેની એક બંદૂક પણ મેળવી હતી જે કાયદાકીય દસ્તાવેજો રજૂ કરી શક્યો ન હતો, એમ તેમણે જણાવ્યું હતું. આ હથિયાર સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યું છે. આ ચાર ઘટનાઓ છેલ્લા બે દિવસમાં બની છે.

તેમણે કહ્યું કે ડીઆરઆઈની ટીમે બે લોકોની ધરપકડ કરી જેઓ કોકેઈનને તેમની ટ્રોલી બેગમાં છુપાવીને તેની દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અલગથી, એવું જાણવા મળ્યું હતું કે ચાર કેરિયર્સે (કોકેઈન) ડ્રગ કેપ્સ્યુલ્સ ગળી ગયા હતા. તેણે કહ્યું કે તેને સરકારી જેજે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો

તંત્રી લેખ......

# ઓલિમ્પિકની યજમાની

હાલમાં જ મુંબઈમાં આયોજિત આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ એટલે કે આઈઓસીના ૧૪૧મા સત્રના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન મોદીએ ઈચ્છા વ્યક્ત કરી કે ભારત ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સની યજમાની કરવા માંગે છે. નિઃસંદેહ, રમતોમાં દેશની વધતી ભાગીદારી અને આંતરરાષ્ટ્રીય ખેલ આયોજનોના સફળતાપૂર્વક નિર્વાહે આપણી શાખ વધારી છે. પરંતુ ઓલિમ્પિક જેવા વિશાળ સ્તરના આયોજન ખુદ એક મોટો પડકાર છે. તેના માટે ભારે ખર્ચ માટે પણ તૈયાર રહેવું પડે છે. નિઃસંદેહ, ભારત દુનિયામાં સૌથી ઝડપથી વધતી અર્થવ્યવસ્થા છે. જી-૨૦ જેવા સફળ આંતરરાષ્ટ્રીય આયોજનોથી ભારતની દુનિયામાં શાખ વધી છે. પરંતુ સવાલ એ પણ છે કે શું ભારત પાસે એ રમતોનું માળખું, તંત્ર અને જરૂરી સંગઠન છે, જે સુગમતાપૂર્વક રમતોના મહાકુંભનું આયોજન કરી શકે? આઈઓસી પ્રમુખનો ભારતના દાવા પ્રત્યે સકારાત્મક પ્રતિસાદ આવ્યો છે. તેમણે કહ્યું છે કે ભારતે આર્થિક ક્ષેત્રે ઉપલબ્ધિ હાંસલ કરી છે, બલ્કે રમતો ક્ષેત્રે પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. પરંતુ ભારત માટે આટલા મોટા આયોજનને સફળતાપૂર્વક નિભાવી શકવું એટલું આસાન નહીં હોય. આ માર્ગમાં તમામ પ્રકારના પડકારો છે. ખાસ કરીને આ એક બેહદ ખર્ચાળ આયોજન છે અને સંરચનાત્મક માળખાના નિર્માણમાં મોટું રોકાણ માંગે છે. આપણે ન ભૂલીએ કે દેશમાં આર્થિક વિષમતા સતત વધી છે. સમતામૂલક સમાજના લ-ય પણ હાંસલ કરવા જોઈએ. જોકે આ રમતોના આયોજનના ઈતિહાસ પર નજર નાખીએ તો દુનિયાના કેટલાય નાના દેશોની અર્થવ્યવસ્થા પર આ મહા આયોજન બાદ નકારાત્મક અસર પણ પડી છે. ઓલિમ્પિક આયોજન સાથે જોડાયેલ કેટલીય શંકાઓને કારણે કેટલાય જાણકાર તેને નુકસાનનો સોદો પણ કહે છે. જોકે ટીવી અને અન્ય પ્રસારણોના અધિકારથી આયોજક દેશોની આવકમાં આશાતીત વૃદ્ધિ પણ થઈ છે.

# પ્રકાશપુંજ ગરબો

— જુગલકિશોર.




'ગર્ભદીપ' શબ્દ ઘસાઈને 'ગરબો' બની ગયાની જાણકારી ભાષાનાં જાણકારો આપે છે. ગર્ભમાં દીવડો !! નવરાત્રિમાં જ જેને સંભારવામાં આવે છે તે આ ગરબો બારે માસ યાદ રાખવા જેવો છે.

એક કલ્પના તો જાણીતી છે : આકાશના અંતર્ગોળ દેખાતા ગરબાની પેલે પાર રહેલો કોઈ અદૃષ્ય અને અવર્ણનીય તેજપુંજ આ તારલાઓરૂપી છિદ્રોમાંથી રાતભર એનો પ્રકાશ આપણને બતાવ્યા કરે છે, બારે માસ! રાતભર ઝગમગતા રહેતા તારલાઓને જોઈને વિશ્વંભરી માતાના તેજસ્વરૂપની કલ્પના કોને ન થાય ? ફક્ત તારલાઓને જ નહીં, સમગ્ર બ્રહ્માંડને ઝગમગતું રાખનાર અનંત બ્રહ્મનો દીવડો આકાશની પેલે પાર ક્યાંક તો હશે જ ને ? એની સતત ખાંખાખોળ કરતાં રહેવાની પ્રેરણા આ નવરાત્રિઓ આપતી રહે છે.

એ પછી યાદ આવી જાય છે માતાના ગર્ભમાં રહેલા કુળદીપકની ! (કુળદીપિકા પણ સમજી જ લેવાની હોં ! દીકરીને અન્યાય કરીને ગરબાની સાધના થઈ જ ન શકે !!) નવ માસ સુધી ગર્ભમાં રહેલું બાળક માતાને માટે તો સાક્ષાત્ નવ–માસ–રાત્રિઓનો મહામૂલો તહેવાર જ ગણાય ને ! નવ નવ માસ સુધી જેને સાચવીને ઉદરમાં પોષ્યો એ દીવડો આ વિશ્વની ચિરસાંકળનું પ્રતીક છે. નવ માસ સુધી સમગ્ર કુટુંબ એની ફરતે માનસ પ્રદક્ષિણા કરતું રહે છે !

ત્રીજી કલ્પના પણ જાણીતી છે. ગરબો કે જે માટીનો બનેલો છે તે ભૌતિકતાનું પ્રતીક છે. તો એમાં રહેલો દીવડો તે આધિભૌતિકતાનું પ્રતીક છે. એક છે શાશ્વત તેજ અને બીજું છે એને ફેલાવનારું માધ્યમ. એક છે બ્રહ્મ અને બીજું છે તે માયા. ગરબામાં રહેલા દીપબ્રહ્મના પ્રકાશને સીધો જ ઝીલવાનું કોઈનુંય ગજું નથી. તેથી એને છિદ્રો દ્વારા ફેલાવીને આપણા સૌ માટે પ્રતીકરૂપે સમજણ આપનારો આ ગરબો વર્ષના નવ દિવસ આપણને ઘણું સમજાવતો રહે છે !!

એનાથીય નોખી એવી એક કલ્પનાય સૂઝે છે તે આ સમગ્ર જગતમાં રહેલાં અબજો જીવો જે ગરબાનાં છિદ્રરૂપ છે. એ સૌને પ્રકાશિત કરતું બ્રહ્મતત્ત્વ તે સૌમાં સમાનભાવે વસેલો નિર્ગુણ–નિરાકાર બ્રહ્મ ! જગતનું ચક્ર અબજો વર્ષોથી જેની ફરતે ફર્યા કરે છે તેમ કહેવાની સાથે એમ પણ કહેવું યોગ્ય ગણાશે કે જગતનાં સૌ જીવો (પ્રકાશનાં આ હરતાં ફરતાં છિદ્રો !) દીવડાની આસપાસ ચક્કર કાપતાં જ રહે છે !

અગણિત આકાશગંગાઓ, નિહારિકાઓ, સૂર્યમંડળોની વચ્ચે આપણી આ રજકણ જેવડી પૃથ્વી પણ એક ટચુકડો ગરબો જ છે ! આપણો સમાજ (એ વિશ્વનો, દેશનો, રાજ્યનો, શહેર કે ગામનો પણ હોઈ શકે) એક યુનિટરૂપે છે જેના આપણે સૌ અંશો છીએ. સમગ્ર વ્યવસ્થાતંત્રની ભૌતિકતા સાથે સમાજની જીવંતશક્તિ એનો પ્રકાશ/પ્રાણ છે. સમાજનો નાનો અંશ તે કુટુંબ. એનાં સૌ સભ્યોને સાત્ત્વિકતાપૂર્વક દોરનાર કુટુંબનો વડો (કે વડી) તે દીપ એમ ગણીએ તો કેટલા પ્રશ્નો ઊકલી જાય !!

આપણું આ શરીર જેને ફક્ત નવ દ્વારો જ નહીં પણ અનેકાનેક છિદ્રો, ભાવનાઓ, શક્તિઓ, આવડતો એ બધું પેલા ચિરપ્રકાશને પ્રગટાવવા માટેનાં સાધનો છે, માધ્યમો છે જેના દ્વારા આત્મા પ્રગટવા કે પ્રકાશવા મથે છે !

નવરાત્રિના આ દિવસો આપણને યાદ અપાવે છે – પાછલા જન્મ અને આવનારા જન્મની વચ્ચેના ગર્ભવાસના એ કઠિન ગાળાની ! આપણેય માતાના ગર્ભમાં એક દીપક જ હતા ! આપણેય બ્રહ્મના પ્રતિનિધિ બની શકવા સક્ષમ હતા – ગર્ભમાંથી બહાર આવીને એ પ્રતિનિધિત્વ ચાલુ રાખી શક્યા હોત ! પણ રે સંસાર ! રે એની માયાજાળ !! ગરબાનું મૂલ્ય સમજવાની શક્તિ પણ એણે છીનવી લીધી !

આ નાનકડા લેખ દ્વારા ગરબાના 'માહ્યલા પ્રકાશ'ને સમજવાનો આ પ્રયત્ન કર્યો તો છે; ઊકલ્યુ તેટલું આપણું !!

જુગલકિશોર

# એક કિલો સોનુ પરત કરનાર ચિરાગને ઠપકાપત્ર!!!

પ્રિય ચિરાગભાઇ,

ખુશ હશો. કેમ ન હો. ?સમાચારનો ખુમાર છવાયેલો હશે .જો કે ખુશીનો પ્યાલો જાતે ઢોળી દીધો છે!!)

અમને તો તમે ઓળખતા નહી હો. હું ગિરધર ગરબડીયા , ઓનલી વન રિપોર્ટર ઓફ બખડજંતર ચેનલ અમે રાજુ રદી કેમેરામેન!!

નવરાધૂપ ગિરધરભાઇ અને રાજુ રદીના રેવડી આશીર્વાદ. રેવડી આશીર્વાદ ફળશે તેવી બહુ આશા રાખવી નહી.રેવડી આશીર્વાદ ભિખારીને તમે એક થી માંડીને દસ રૂપિયા આપો ( સારું છે કે સરકારનું ધ્યાન ભિક્ષા એસએમઇ પર ગયું નથી.નહીતર તેને સેવા સેકટર ગણીને ગબ્બરસિંહ ટેકસ એટલે ૨૮% જીએસટી લગાવી દે!!કેમ કે, તેમાં એક પક્ષે અવેજ છે. બીજા પક્ષે સેવા-આશીર્વાદ આપવાની સેવા છે. આમ, મારી મચડીને જીએસટી લગાવવાનો સોલિડ કેસ છે!!) અને બદલામાં તમને સ્વર્ગનું રાજ આપી દે છે!! એને કયાં તકલીફ છે?? ઈન્દ્રે સ્વર્ગનું સિંહાસન ખાલી કરવાનું છે. મુસાભાઇના વા-પાણી છે!!

ચિરાગ તને બધા અભિનંદન આપતા હશે, તારી પ્રામાણિક્તા બિરદાવતા હશે. તને લોકો ચણાના ઝાડ પર ચડાવતા હશે. તને સ્વર્ગ એકાદ આંગળ છેટું લાગતું હશે. ભાઇ પ્રસંશા, વખાણ, વાહવાહી કોને ન ગમે ? ખુદાને ખુશામત પ્યારી હોય છે, તેવું કહેવાય છે!! અરે, યાર તું તો માણસ છે. તને પણ વાહવાહીનો વાઇન ચડી ગયો હશે. પૃથ્વી પર અવતાર ધરી તે મહાન કાર્ય કર્યાનો અવર્ણનીય સંતોષ હશે. કેટલીય થનગનભૂષણ સંસ્થા તારું સન્માન કરવા થનગનતી હશે!!એ બહાને એમને પબ્લિસિટી મળશે!!આ ચાલીસ રૂપિયાના માત્ર એક હારથી સંસ્થાના સાડા તેત્રીસ હોદ્દેદારો તારું સન્માન કરશે. એકાદો મેડલ કે મેમેન્ટો આપશે. જેને બજારમાં વેચવા જઇએ તો અડધી ચા મળે તો અમને ફટ કહેજે. બધો વાંક તારો છે!! તું યાર મધ્યમ વર્ગનો છે. મધ્યમ વર્ગના બાળકોના મનમાં માબાપ સંસ્કારો, નીતિ અનીતિ વગેરે ઠાંસી ઠાંસીને ભરી દે છે. જ્યારે છોકરો ઘરનું દ્વાર ઓળંગીને બહાર જાય ચોરી ચપાટી, ઠગાઈ , લુચ્ચાઈ, કૂડકપટ , કોઠાકબાડા, લૂંટફાટ, ગાળાગાળી જુએ, અધર્મ જુએ તો પણ તેના દિમાગમાં ભરેલ ભૂંસુ જલદી નાશ પામતું નથી. પ્રામાણિકતાનું પૂંછડું છોડી શકાતું નથી અમે અનીતિની અપ્સરાનો પાલવ પકડી દુનિસાભરના આશ્ચર્ય પામી શકાતા નથી. ભગવાન છપ્પર ફાડીને દે એવું સાંભળ્યું છે. દરેક વખતે છાપરું ફાડીને આપ્યા પછી ચિત્રગુપ્તના ઓડિટના ખુલાસા કરીને મારો દીનાનાથ થાકી જાય છે. એટલે કદીમદી છાપરું ફાડ્યા વિના પણ જરૂરિયાતમંદને ન્યાલ કરે છે.જો બકા, તમે ટાટા બિલ્લાને ત્યાં જન્મ્યો નથી. તુ સોના અગર ચાંદીના ચમચા સાથે જન્મ્યો નથી.તમે સોનાના ઘૂઘરે રમ્યો નથી. તારા માબાપ પણ સાધારણ પરિવારના સામાન્ય નાગરિક હશે તને ઋષિ સુનકની જેમ અમીર સસરા મળેલ નહી હોય. તારા પગારમાંથી ઘરનું ગાંડું માંડમાંડ ગબડતું હશે.

તને પૈસાની સખત જરૂર હશે. પૈસાદાર થવા પ્રાર્થના પણ કરી હશે. ગુજરાતમાં લોટરી પર પ્રતિબંધ છે. નહીતર કેરળના રીક્ષા ડ્રાઈવર અનુપની જેમ લોટરીની ટિકિટ ખરીદી પચ્ચીસ કરોડ રૂપિયાનો માલિક બની શકે!! તારા વદન પરથી તમે વરલી મટકા રમી બે પાંદડે થાય તેમ લાગતું નથી.તને ખંજર હુલાવી કે પોઇન્ટ બ્લેન્કથી ગોળી ચલાવીને કોકની ગેમ ફિનિશ કરવાની આવડત હોય તેવું લાગતું નથી. તમે કોઇને ચુનો ચોપડી લખપતિ થવાની ત્રેવડ ધરાવતો નથી. તમે સાયબર ગબન કરવાની પાત્રતા ધરાવતો નથી.હાલના જમાનામાં પૈસાદાર થવાના એકપણ લખણ ધરાવતો નથી. હમણા તારી જેમ ગ્રેજયુએટ માલિકની દીકરીએ કોઇના મળેલા પચ્ચીસ લાખ રૂપિયા મૂળમાલિકને પરત કરેલ!! આમ, તો અંગ્રેજોમાં એમ કહેવાય છે કે ઓલ ગ્લિચરીંગ ઈઝ નોટ ગોલ્ડ. અર્થાત્ બધી ચળકતી ચીજ સોનુ હોતી નથી. આપણે ત્યાં પણ પીળું એટલું સોનું હોતું નથી તેમ કહેવાય છે. તમને ટોઇલેટમાંથી એક કિલો સોનાની ઈંટ મળી .તેને તરત જ સોની પાસે લઇ જવાની હોય. ચોવીસ કોર્ટનું સોનું છે કે પિતળ છે તેની તપાસ કરાવવાની હોય.

લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય, એવી કહેવત છે. ચિરાગ તમે મોં ધોવા ગયા અમે લક્ષ્મી બીજે ચાલી ગઇ. બોલો, ચિરાગભાઇ કોની ભૂલ ??સફાઇ કામદારના સાત ભવના પગાર જેટલી રકમ. પાપની કમાણીમાં પરિવાર ભાગીદાર છે, પણ પાપમાં ભાગીદાર છે કેમ તેની ખરાઇ કરવા વાલિયો લૂંટારો ઘરે કુટુંબીજનોને પૂછવા ગયો હતો તેમ તમે પણ સોનું રાખવું કે ન રાખવા માટે કુટુંબીજનોનો અભિપ્રાય કેમ ન લીધો? દીકરો-દીકરી ભવિષ્યમાં તમારા નિર્ણયને સવાલની કઠેરામાં મુકશે ત્યારે તમે શું કરશો???

બીજા બધા અભિનંદન આપે છે. અમે તમને અભિનંદન આપવા , પ્રસંશાની પુષ્પવૃષ્ટિ , પોલ્સન લગાવવા પત્ર લખ્યો નથી, પણ ઠપકો આપવા પત્ર લખ્યો છે. બકા ઘરની સ્થિતિ જોવી જોઇએ. પ્રામાણિકતાનો ઐસીકીતૈસી!! પ્રામાણિક્તા ગઇ ઘી-તેલ લેવા. એક કિલો સોનું તારી જીંદગી માલામાલ કરી દે તેમ હતું!! તમે ચોરી કરી ન હતી, ડકૈતી ડાલી નથી. પછી ઓ સોનું તારી પાસે રાખી ઐશ કરી શકાય. પ્રામાણિકતાનું પૂંછડું પકડીને એક પણ ધનાઢય થઇ શકે? એનો જવાબ નકારાત્મક છે.ચિરાગ તમે એક કિલો સોનું પરત કર્યું. બદલામાં શું મળ્યું ?? એક ચાંદીનો સિકકો? કેટલા ગ્રામનો તેનો ઉલ્લેખ નથી.કિતની નાઈન્સાફી હૈ!!એક કિલો સોનું પરત કરવામાં આવે તો સોનાનો સિક્કો કે આઉટટર્ન પ્રમોશન આપ્યું હોત તો પ્રામાણિક્તાનો સાચી કદર કરી કહેવાત!!હવે સોનું કે રૂપિયા મળે તો પરત કરવાના બદલે ગજવે ધરે તેવી શુભેચ્છા !!

લિખિતંગ,

તમારા લાભચિંતક,

ગિરધરભાઇ અને રાજુ રદી

ભરત વૈષ્ણવ....

# આર. આર. પી. મ્યુનિસિપલ શાળામાં નિઃશુલ્ક નોટબુક વિતરણ

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી)ના ઉપક્રમે કાંદિવલીની આર. આર. પી. મ્યુનિસિપલ શાળામાં વિદ્યાર્થિઓને શૈક્ષણિક સહાય અંતર્ગત નિઃશુલ્ક નોટબુક વિતરણ કાર્યક્રમ ગત મંગળવાર તા. ૧૭.૧૦.૨૦૨૩ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાતા સુશ્રી નીતુબેન ભરતભુષણ ગુપ્તા તથા તેમના પુત્રી દેવીકા ભરતભુષણ ગુપ્તાના હસ્તે વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં પ્રગતિ મિત્ર મંડળના ટ્રસ્ટીઓ રાજભાઈ કવા, નિતીનભાઈ નથવાણી, માનદ્ મંત્રી ભાવેશભાઈ મહેતા તેમજ આર. આર. પી. મ્યુનિસિપલ શાળાના મુખ્યાધ્યાપક તથા અન્ય શિક્ષકગણ ઉપસ્થિત રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# હિતેશ સોલંકીએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ માં ગોલ્ડ મેળવી ગુજરાત નું અને દેશ ગૌરવ વધાર્યું




તાજેતર માં શ્રીલંકા ખાતે ઈંડો શ્રી લંકા ટેનીસ બોલ ક્રિકેટ સીરીઝ તારીખ ૧૩ થી ૧૬ ઓકટોબર ૨૦૨૩ સુધી માં યોજાઇ ગઈ. ટેનીસ બોલ ક્રિકેટ ફેડરેશન ઓફ ઈન્ડિયા ના નેજા હેઠળ ભારતીય ટેનિસ બોલ ક્રિકેટ ટીમ શ્રી લંકા માં આંતરાષ્ટ્રીય ઈવેન્ટ માં ભાગ લેવા ગયેલ.ભારતીય ટેનિસ બોલ ક્રિકેટ ટીમ માં ગુજરાત માં થી હીતેશ સોલંકી નું સિલેકસન કરવામાં આવેલ.ફાઈનલ મેચ માં હીતેશ સોલંકીએ ઉત્કૃષ્ઠ ખેલ નું પ્રદર્શન કરીને ભારતીય ટીમ ની જીત માટે મહત્વ નો ફાળો આપી ગુજરાત નું ગૌરવ વધારેલ છે.

## આવો સહિયર




આવો સહિયર ગરબે ઘૂમવા,
આવ્યા છે નવલા એ નોરતા.

ઢમ ઢમ ઢમ ઢમ ઢોલક ઢમતા,
છમ છમ છમ છમ ઝાંઝર છમતા.

ગબ્બર ગોખેથી માડી ઉતરતા,
ચાંચર ચોકમાં ગરબે રમતા.

ભક્તોનાં પોકારો માડી સુનતા,
ભક્તોનાં દુખડા મારી હરતા.

હાથેથી કંકુ માડી પાડતા,
સાથીયા કંકુ કેરા પૂરતા.

પલ્લવી જોષી. સરિતા

# નવરાત્રી દરમ્યાન અમદાવાદ જિલ્લાના અનેક ગામોમાં વાહકજન્ય રોગ અંગે જનજાગૃતિ કરાઈ

વિરમગામ : વિરમગામ સહિત સમગ્ર અમદાવાદ જિલ્લામાં જગત જનતી આધ્યશક્તિ અંબાજી માતા સહિતના અનેક માતાજીની નવરાત્રી મહાપર્વ દરમ્યાન માઇ ભક્તો દ્વારા પુજન અર્ચન કરીને આરાધના કરવામાં આવી રહી છે. નવરાત્રી દરમ્યાન મોટી સંખ્યામાં લોકો ગરબે રમવા માટે એકઠા થતા હોવાથી એક સાથે મહત્તમ જનસમુહાય સુધી આરોગ્ય વિષય સંદેશ પહોચાડી શકાય તેવા ઉદેશ્યથી અમદાવાદ જીલ્લા વિકાસ અધિકારી એમ કે દવે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેશ પરમાર અને જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોઠના માર્ગદર્શન હેઠળ વિરમગામ તાલુકા સહિત સમગ્ર અમદાવાદ જીલ્લાના તમામ તાલુકાઓના અનેક ગામોમાં મેલેરીયા, ડેન્ગ્યુ સહિતના વાહકજન્યો રોગો અંગે



જનજાગૃતિ કરવામાં આવી અને લોકોને ગરબા દરમ્યાન બેનર્સ લગાવીને વાહકજન્ય રોગોથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. નવરાત્રી દરમ્યાન એક સાથે અનેક વિસ્તારોમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા આ ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યુ છે. જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતુ કે, નવરાત્રી પર્વ દરમ્યાન અમદાવાદ જિલ્લાના ૫૫૦થી વધુ ગામોમાં ગરબા દરમ્યાન બેનર્સ લગાવીને મેલેરીયા, ડેન્ગ્યુ સહિતના વાહકજન્યો રોગો અંગે જનજાગૃતિ કરવામાં આવી રહી છે. મેલેરીયાથી બચવા માટે પાણીના ખુલ્લા વાસણો હવા ચુસ્ત ઢાંકણથી ઢાકીને રાખવા. પાણીની ટાંકી, ફુલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો. ઘરની આસપાસ પાણી ન ભરાવા દો. પાણીના ખાડા ખાબોચીયા પુરી દો અથવા તો વહેવડાવી દો. કોઇ પણ તાવ મેલેરીયા હોય શકે છે. ઉલટી ઉપકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઇ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઇને નિઃશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઇએ. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટકાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે.

# ઈડર ખાતે નગર સેવા સદનની નવીન કચેરીનુ ગંભીરપુરા દેવ દરબાર આશ્રમના મહંત મંગલપુરી મહારાજના હસ્તે લોકાર્પણ



ઈડર ઘૂળેટા દરવાજા પાસે આવેલ ઈડર નગરપાલિકા છેલ્લા કેટલાય વર્ષોથી જુના પુરાણા મકાનમા કાર્યરત હતી જેને લઈ નવીન નગરપાલિકા બિલ્ડીગ બનાવવા નક્કી કરવામા આવ્યુ હતુ ઈડર નગરપાલિકાના નવિન મકાનનુ કામકાજ પૂર્વ પ્રમુખ જયસિંહ તંવરના શાસનમા કરવામા આવ્યુ હતુ હાલ નગરપાલિકામા વહીવટદાર શાસન છે જેમા બિલ્ડીગ સંપૂર્ણ તૈયાર થઇ જતા ઈડર નગરપાલિકા ખાતે નવીન કચેરીનુ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો ઈડર નગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને ૧૫મા નાણાંપંચ વર્ષ ૨૦૨૦-૦૨૧ (અન ટાઈડ) તથા સ્વભંડોળ વર્ષ ૨૦૨૨-૦૨૩ હેઠળ આશરે એક કરોડ પચાસ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામા આવેલ એક આધુનિક સુવિધા સાથેનુ નવીન નગર સેવા સદનનુ લોકાર્પણ તારીખ ૧૮ ઓકટોબર ૨૦૨૩ ને બુધવારના રોજ ગંભીરપુરા દેવ દરબાર આશ્રમના મહંત મંગલપુરી મહારાજના હસ્તે કરવામા આવ્યુ હતુ આ પ્રસંગે ઈડર પ્રાંત અધિકારી તેજસ ચૌધરી ,જીલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, ઈડર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયસિંહ તંવર અને પૂર્વ નગરસેવકો તથા ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી અને વહીવટદાર નરેશભાઈ પરમાર તેમજ પાલિકા સ્ટાફ , તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ, ઈડર શહેર ,પૂર્વ પાલિકા પ્રમુખ જીવણભાઈ પટેલ તેમજ , કોંગ્રેસના રામભાઈ સોલંકી , મુકેશભાઈ પરમાર , રાજુભાઈ પરમાર, વડાલી અને ખેડબ્રહ્મા નગરપાલિકા ચીફ ઓફિસર સહીત ઈડરના નગરજનો લોકાર્પણ કાર્યક્રમમા મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા

## ભૂવો

શહેરનો મોટોમસ ભૂવો છે,
સમજો ગામનો ઉંડો કુવો છે.

ગમે ત્યારે વાહન પડી જાય,
બંમ્પ તો ભૈ ભૂવાનો ફૂવો છે.

રેતનો ગણો કે હેતનો ગણો,
શહેરનો લાડકો ઢુંવોબુંવો છે.

ભૂવામાં કાર ખાબકે એટલે,
ચાલક મૂવો નહીં અધમુવો છે,

કપચી,માટી,સિમેન્ટ ખાઇ જાય,
નગરનો કેડો કયાં મુકે એવો છે?

નગરજનોને બ્રહ્માંડ દેખાડે એવો,
કાનાએ ખાધેલ માટીનો લુવો છે!!

ભરત વૈષ્ણવ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ

NOG SS NO -120
વિષય :- ગરબો
પ્રકાર :- પદ્ય
શીર્ષક :-? માનો ગરબો
શબ્દો :- ૯૮
નામ :- ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર
જિ બનાસકાંઠા .



★માનો ગરબો★
(રાગ : પાવલી લઈને હું પાવાગઢ ગઈતી)

માનો ગરબો લઈને હું મંદિરે ગઈતી,
મંદિરે જઈને હું દર્શન કરતી,
માના ચોકમાં ગરબે ઘૂમતી...માનો ગરબો૦
માનો ગરબો લઈને હું ફૂલડે વધાવતી,
માના દર્શન કરી ધન્ય હું થાતી તી,
માના મંદિરે ગરબે હું ઘૂમતી...માનો ગરબો૦
માતાનો ગરબો લઈને ગામમાં ફરતી,
માનો ગરબો લઈને ગોળ-ગોળ રમતી,
દેશી ઢોલના તાલે હું નાચતી... માનો ગરબો૦
માનો ગરબો લઈને હમચી ખૂંદતી તી,
ગામનાં ચોકમાં ગરબે હું ઝૂમતી,
નાચતાં-કૂદતાં ગરબે ઘૂમતી... માનો ગરબો૦
માનો ગરબો દર નવરાત્રી એ કરતા,
અમને નવરાત્રી યાદ બહુ આવતી,
માની નવલી રાત યાદ આવતી...માનો ગરબો૦

આભાર - નિહારીકા રવિયા

# ઈડરના પરિવારનો હરિયાણામાં અકસ્માત: ૨નાં મોત, ૧૦ લોકો ઈજાગ્રસ્ત

હિંમતનગર,તા.૧૮

વર્તમાનમાં રોડ અકસ્માતની ઘટના દિવસેને દિવસે વધી રહી છે. ત્યારે ફરી એકવાર કમકમાટી ભર્યા અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. સાબરકાંઠાના પરિવારને હરિયાણાના બહાદુરગઢમાં અકસ્માત નડ્યો છે. કે.એમ.પી એક્સપ્રેસ હાઈવે પર ટ્રક અને ક્રૂઝર ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઈડરના વણઝારા પરિવારના ૨ વ્યક્તિના મોત થયા છે.

હરિયાણાના બહાદુરગઢમાં સર્જાયેલા અકસ્માતમાં સાબરકાંઠાના પરિવારના બે સભ્યોના મોત થયા છે. ગમખ્વાર અકસ્માતમાં સાસુ અને વહુનું ઘટના સ્થળે જ મોત થયું છે તેમજ અકસ્માતમાં ૧૦ વ્યક્તિને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.માહિતી મુજબ સાબરકાંઠાનો પરિવાર અસ્થિ વિસર્જન માટે હરિદ્વાર જતો હતો તે દરમિયાન હરિયાણાના બહાદુરગઢ નજીક અકસ્માત નડ્યો હતો. જો કે, આ ઘટનાના પગલે પરિવારજનો પર આફતના વાદળો ઘેરાયા છે. આ બનાવ કે એમ પી એક્સપ્રેસ હાઈવે પર સર્જાયો હતો. ટ્રક સાથે ક્રૂઝર ગાડી અથડાતા અકસ્માત સર્જાયો હતો.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૬૮૨ અને ચાંદીમાં રૂ.૮૨૯નો ઉછાળો

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૮,૮૨,૩૪૪ સોદાઓમાં કુલ રૂ.૭૭,૫૪૮.૮૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૮,૪૮૧.૦૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૯૦૫૬.૪૫ કરોડનો હતો.

દરમિયાન, આ લખાઈ રહ્યું છે ત્યારે સોનાનો ડિસેમ્બર વાયદો રૂ.૬૮૨ના ઉછાળા સાથે રૂ.૫૯,૯૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે ચાંદીનો ડિસેમ્બર વાયદો રૂ.૮૨૯ના ઉછાળા સાથે રૂ.૭૨,૩૯૬ના ભાવે બોલાઈ રહ્યો હતો. આ સામે ક્રૂડ તેલ રૂ.૧૦૩ વધી રૂ.૭,૨૯૫ બોલાયું હતું.

મંગળવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્રમાં કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૪૦,૯૨૭ સોદાઓમાં રૂ.૧૦,૫૪૯.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૧૬૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૪૭૮ અને નીચામાં રૂ.૫૯,૦૦૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૫૨ વધી રૂ.૫૯,૨૧૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૧ વધી રૂ.૪૭,૫૨૧ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૫,૮૮૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫ વધી રૂ.૫૮,૯૨૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૦,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૦૦૦ અને નીચામાં રૂ.૭૦,૬૦૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૫૩૦ વધી રૂ.૭૧,૫૬૭ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૯૬ વધી રૂ.૭૧,૫૯૪ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૭૦ વધી રૂ.૭૧,૬૪૧ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૬,૭૨૫ સોદાઓમાં રૂ.૧,૯૭૨.૬૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૭૦૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧.૪૦ ઘટી રૂ.૬૯૯.૧૦ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ ઘટી રૂ.૨૦૨.૧૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ વધી રૂ.૧૮૬ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૫ ઘટી રૂ.૨૧૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૪૫ ઘટી રૂ.૨૦૪.૬૫ સીસુ-મિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ વધી રૂ.૧૮૬.૪૦ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧.૫૫ ઘટી રૂ.૨૧૯ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૧,૨૬,૯૫૧ સોદાઓમાં રૂ.૫,૯૪૭.૧૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૨૦૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૫૨૮ અને નીચામાં રૂ.૭,૧૩૨ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ.૭,૧૯૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૪૯ ઘટી રૂ.૭,૧૯૦ બંધ થયો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫૯ના ભાવે ખૂલી, રૂ.૬ ઘટી રૂ.૨૫૫.૮૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૫.૭ ઘટી ૨૫૬.૧ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૧.૮૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૮૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૨૦૦ અને નીચામાં રૂ.૫૮,૬૦૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૪૦ ઘટી રૂ.૫૮,૮૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૭૦ ઘટી રૂ.૮૯૯.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૨૯૧.૫૫ કરોડનાં ૭,૨૪૫.૬૯૭ કિલો અને ચાદીના

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

વિવિધ વાયદાઓમાં રૂ.૬,૨૫૭.૮૭ કરોડનાં ૮૭૫.૩૦૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨,૪૨૯.૯૩ કરોડનાં ૩૩,૮૧,૬૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૩,૫૧૭.૧૯ કરોડનાં ૧૩,૪૧,૨૭,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૧૭.૮૦ કરોડનાં ૧૦,૭૫૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૯૩.૮૧ કરોડનાં ૫,૦૪૩ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૧,૦૫૩.૧૮ કરોડનાં ૧૫,૦૭૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૬૦૭.૮૯ કરોડનાં ૨૭,૭૯૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૩૯ કરોડનાં ૫૭૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૮.૪૫ કરોડનાં ૯૨.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર બંને સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૨૦૨.૭૨૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૫૨.૯૭૨ ટન, તાંબાના વાયદાઓમાં ૨૯,૯૭૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૭,૨૩૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૪૨૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૯,૭૩૬ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૫૭,૩૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૭૩,૧૯,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૫,૮૦૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૪૨.૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૧.૩૪ કરોડનાં ૧૪૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૦૭ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૫,૫૮૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૦૦ અને નીચામાં ૧૫,૫૬૨ બોલાઈ, ૧૩૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૬ પોઈન્ટ વધી ૧૫,૬૫૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૫૯૦૫૬.૪૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૧૭૫.૧૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૦૦૯.૪૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૩૨૯૪.૧૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૧૫૨૨.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૭૫૯.૩૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૨.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨ અને નીચામાં રૂ.૦.૧૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ..૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૯૫ અને નીચામાં રૂ.૫.૦૫ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૬.૧૦ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૮.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦૦ અને નીચામાં રૂ.૪૬૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૪૧.૫૦ ઘટી રૂ.૪૭૭ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન

આભાર - નિહારીકા રવિયા કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૫૪૭ અને નીચામાં રૂ.૩૪૧ રહી, અંતે રૂ.૨૭ ઘટી રૂ.૪૦૯.૫૦ થયો હતો.


ચાંદી નવેમ્બર રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૭૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૫ વધી રૂ.૨,૧૩૪.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૨૧.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૨૩ વધી રૂ.૨,૧૭૮.૫૦ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૮૯ ઘટી રૂ.૬.૧૨ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૬.૭૦ અને નીચામાં રૂ.૩ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ.૫.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૮૫ અને નીચામાં રૂ.૮ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૧૦.૩૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૫.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૯૭.૫૦ અને નીચામાં રૂ.૫૭૬ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૦૩ ઘટી રૂ.૬૪૪.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૮ અને નીચામાં રૂ.૮૬ રહી, અંતે રૂ.૪૪ ઘટી રૂ.૧૦૭.૫૦ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૩૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૭૮.૫૦ ઘટી રૂ.૧,૨૨૨ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૩૭.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૦૩ ઘટી રૂ.૧,૫૮૯ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૧૭ વધી રૂ.૪.૩૬ થયો હતો.

# ગુજરાતી ગઝલમાં ૭ પેઢીનું કામ એકલા હાથે કરનાર હરદીલ અઝીઝ શાયર મરીઝ સાહેબ




પહેલાના જમાનામાં ગુજરાતી ગઝલો રાજા મહારાજાના દરબારમા જ રજુ થતી હતી.ગુજરાતી ગઝલોને રાજા મહારાજાના દરબારમાંથી બહાર કાઢી ગલી ગલીમાં અરે ઘરઘરમા લોકપ્રિય બનાવનાર મરીઝ સાહેબની પુણ્યતિથિ ૧૯ મી ઓક્ટોબર છે.

મરીઝ સાહેબે ગુજરાતી ગઝલો સાવ સામાન્ય માણસ પણ સમજી શકે ગઝલ માણી શકે એવા સાવ સરળ સાદા પણ ચોટદાર વેધક શબ્દોમાં રજુ કરી કહોને ગુજરાતી ગઝલોને મરીઝ સરએ ખીણમાંથી કાઢીને ટોચ પર પહોંચાડી.

સુરતના ઝાંપાબઝારમા આવેલા પઠાણવાડામા શિક્ષક પિતા અબ્દુલભાઈ વાસીને ત્યાં અબ્બાસનો જન્મ થયો જી હા મરીઝ સાહેબનું મૂળ નામ અબ્બાસભાઈ અબ્દુલભાઈ વાસી છે.મરીઝ સાહેબ જેને પોતાના ઉસ્તાદ ગણાવતા હતા તે સુરતી દિગ્ગજ અમીન આઝાદ સાહેબે મરીઝ ઉપનામ સૂચવ્યું હતું

મરીઝ સાહેબ સાવ સાદા શર્ટ પેન્ટ પહેરતા હતા.મરીઝ સાહેબ જેના લાયક હતા જે એમનો હક હતો તે દોલત શોહરતથી હમેશા દુર રહેતા હતા.રૂપિયા પાછળ મરીઝ સાહેબ કદી ભાગ્યા નહોતા.સસ્તી લોકપ્રિયતાથી દુર હતા જીવનભર પબ્લિસિટી પ્રસિદ્ધિથી દુર રહ્યા એકદન ઓલિયા ખુદાના નેક બંદા હતા હરફન મૌલા માણસ હતા.

દુ:ખની વાત એ છે કે મરીઝ સાહેબની ગઝલો બીજા શાયરો પોતાના નામે ચડાવીને રજુ કરતા હતા આજે પણ કરે છે.પણ મરીઝ સાહેબ ગુજરાતી ગઝલોના ધૂમકેતુ છે.દરેક યુગમાં જન્મ લેતા નથી.

મરીઝ સાહેબને ભણવામાં કોઈ ખાસ રસ નહોતો. માત્ર ૧૭ વરસની ઉંમરે મરીઝ સર સુરત છોડી મુંબઈમા સ્થાઈ થયા.આપણને જાણીને નવાઈ લાગે કે મરીઝ સાહેબના કુટુંબ પરિવાર કે સગામાં કોઈ શાયર હતું જ હ્રૈદ્ધક્રછતા મરીઝ સાહેબ ગુજરાતી ગઝલોના સરતાઝ ગણાય છે.

માત્ર ૧૪ વરસની ઉંમરે ફોઈની દીકરીના જન્મદિવશે પહેલી ગઝલ લખી મરીઝ સાહેબ ગુજરાતી ગઝલોને હિમાલયની ટોચ પર લઈ ગયા.

બીજા શાયરોના શેરો યાદ કરો તો તમને પાંચ દસ શેરો ૫/૭ ગઝલો યાદ આવશે પણ મરીઝ સાહેબના ૨૫૦ થી વધુ શેરો તો આપણે રોજબરોજ ઉપયોગમા લઈએ છીએ.મારાં જેવા મરીઝ પ્રેમીઓને તો બધા શેરો કંઠસ્થ છે.

આપણા સુરતી દિગ્ગજ રઈસભાઈ મણિયાર સાહેબે મરીઝ સાહેબ વિશે મરીઝ સાહેબના કામ અને સર્જનથી બધા પરિચિત થાય એ માટે મરીઝ "અસ્તિત્વ અને વ્યક્તિત્વ " નામનું બધા ગુજરાતી ગઝલપ્રેમીઓ માણી શકે જાણી શકે વાંચવા વસાવવા જેવું મરીઝ સાહેબ પર અદભુત પુસ્તક આપ્યું છે.

મરીઝ સાહેબના સુપુત્ર જનાબ મોહસીનભાઈ વાસી જીવનના આઠમા દાયકામાં સક્રિય રહી પડદા પાછળ લોપ્રોફાઈલ રહે છે જાહેરમાં બહુ દેખાવાનું પસઁદ કરતા નથી.કઈ કામ હોય તો ફોન કરો તો બહું ઉત્સાહ અને ઉમઁગથી તમારું કામ કરી આપે છે

" ગળામાંથી ઉતરી તો તોફાની થઈ ગઈ
હતી જામમા સાવ સીધી મદિરા "

" ફક્ત હું એમના માટે ગઝલ લખું છું.
આ ચાર પાંચ જે મારો કમાલ સમજે છે "

" મે એનો પ્રેમ ચાહ્યો બહુ સાદી રીતથી
ખબર નહોતી કે એમાં કલા હોવી જોઈએ "

મુજ પર સિતમ કરી ગયા મારી ગઝલના શેર
વાંચીને એ રહે છે બીજાના ખ્યાલમાં ".

" મરીઝ અમને ના સમજાયું હજી પણ
આ ઉંમર વધે છે કે ઘટે છે ".

" અસર આવી નથી જોઈ મે વરસોની ઈબાદતમા
ફક્ત બે જામમા તુરત જ જીવન બદલાઈ છે સાકી "

" મિત્રો ખુદા પરસત મળે છે બધા
મરીઝ સોંપે છે દુ:ખના કાળમા પરવરદિગાર ને "

" શાયર છું મારી રીતથી બોલીશ હું ગઝલ
બુલબુલ તો હું નથી કે ફક્ત કંઠ દાદ લે "

" ગઝલો લખવું કાચા પોચાનું કામ નથી
હજારો મંથનો દિલના ઉજાગરા અગણિત
વસુલ આમ કરી લે છે ખુદના દામ ગઝલ "

"ના માંગ ગજાથી વધુ જીવન
એક પલ એવી દેશે વિતાવી નહી શકે "

જયા સુધી ગુજરાતી ગઝલો ગુંજતી રહેશે ત્યાં સુધી મરીઝ સાહેબનું નામ અને કામ મહેકતું ચમકતું રહેશે.

સુરતના આ સાચા અર્થમાં ગઝલોના સુપર સ્ટાર મરીઝ સાહેબને આજના સ્મરણદિવસે દુનિયામાં ખૂણે ખૂણે વસતા ગુજરાતી ગઝલપ્રેમીઓ તરફથી નતમસ્તક કોટી કોટી વંદન.

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

## પુસ્તકનું નામ: શોષ
## લેખિકા: દક્ષા દામોદરા
## પ્રથમ આવૃત્તિ: જૂન ૨૦૦૩
## પ્રકાશક: રન્નાદે પ્રકાશન




આ પુસ્તક દુદા શાહને અર્પણ કરવામાં આવેલું છે. જેની કિમત ૮૪ રૂ. છે. લેખિકાએ નિવેદનની શરૂઆત ગાય માતા થી લઈને એક નારીની વાત સુધીની કરી છે. તેમના શબ્દો છે – " 'ભ્રૂણહત્યાથી જાન બચી તો શારીરિક, સામાજિક, જાતીય અત્યાચારોની લાખો સમસ્યા વચ્ચે જીવન પૂરું કરતી નારી.' આ છે સાંપ્રત સંસ્કૃતિની છબી" એમ નિવેદનમાં જ લેખિકાએ નારીનું મહત્ત્વ દર્શાવ્યું છે. નવલકથાની નાયિકા માધવી શિક્ષણકાળ દરમ્યાન રાજેન્દ્ર મકવાણા પ્રતિ આકર્ષાય છે. પરંતુ નવલકથામાં માધવીના પપ્પા અને તેનો પતિ પુરંદરે માધવીની બનાવેલી દુનિયા માધવીને નવલકથાને અંતે કોમમાં લઈ જાય છે. માધવીના પપ્પાએ (૧.) માધવીના પપ્પાને જે દીકરાની ઘેલછા હોય છે તે (૨) માધવીની મોટી બહેને અન્ય જ્ઞાતિના છોકરાં સાથે લગ્ન કરતાં બાપુના શબ્દો ' મરી ગઈ સમજ હવે, આપણા માટે એ....!' (૩) બહેન ભાગી ગઈ - જાય એટલે પપ્પાની ચેતવણી કે માધવી એ ચાર્ટર્ડ એકાઉન્ટ બનવું. પરંતુ માધવી તેમ નહિ કરી શકતા હતાશા અનુભવે છે.

જ્યારે પુરંદર- માધવીની સારવાર દરમ્યાન માધવીના લગ્ન પુરંદર સાથે થાય છે લગ્ન પછીની અનુભૂતિઓ અને માધવીના અસ્તિત્વને નહીં પરંતુ દેહને જ પ્રધાન્ય આપતો પુરંદર. માધવીનું અંતર ઝંખતું એવામાં રાજેન્દ્ર ખ્યાતનામ ચિત્રકાર બને છે અને માધવી વમળોમાં ફસાયેલી રહે છે પરંતુ અહી તો પુરંદર પુત્ર રાહુલ હોવા છતાંય વહેમ કરે છે. અને તેના પ્રતિકાર સહન ના કરી શકાય તેવો અસહ્ય બની રહે છે. પુરંદરનો એક સંવાદ 'મારા મતે મહત્વાકાંક્ષી સ્ત્રી અને કુતરી વચ્ચે કોઈ ફરક હોતો નથી' અહીં જ વ્યક્તિત્વ જોઈ શકાય.

'આપણે ડાઈવોર્સ લઈએ છીએ' એમ વાત કરનાર પુરંદર માધવીના પપ્પાની મિલકતની લાલચમાં ભાગ ૨-બે ની શરૂઆતમાં માધવીને કચ્છ ફરવા લઈ જાય છે. રાજેન્દ્ર અને માધવીના પ્રેમને કથાના અંત સુધી લેખિકાએ દર્શાવી છે.

શોષ (ભાગ:૧,૨)ની પ્રથમ આવૃત્તિ: જૂન ૨૦૦૩માં પ્રકાશિત નવલકથાની શરૂઆત 'મરી ગયેલાય વારંવાર મરતા હશેપ.?, 'શું ન કરી શકે પુરંદર.... એઝ હસબન્ડ? અને છતાં....કેટલું બધું ન પણ કરી શકે!' થી લઈને અંતમાં માધવી પુરંદરને કહે છે કે, ' મૃગજળ હોય કે સ્વપ્રછળ.. પણ મને આ જીવાતા જીવન કરતાં વધુ શાતા આપે છે. મારે જવું છે એ મૃગજળમાં....મારે દેશળ પાસે જવું છે! અને અંતે કોમામાં સરી પડતી માધવીની આ કથા ખરેખર ઘણી બાબતોને આવરી લે છે.

રન્નાદે પ્રકાશનમાં પ્રકાશિત આ નવલકથામાં લેખિકાએ નવલકથાના શીર્ષક પ્રમાણે કરેલા વર્ણનો, સંવાદો આ ઉપરાંત સામાજિક બંધનો તોડવા મથી રહેલી નાયિકા, રાજેન્દ્રે દોરેલા જળ સંકટ માટે કરેલ અભિયાન જેવી બાબતો લેખિકાએ દર્શાવી છે.

ભારતી વાઘેલા

# ડાંગ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વઘઈ તાલુકા ખાતે એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ યોજાયો




ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઈ ખાતે વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ તેમજ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈનની અધ્યક્ષતામા નવમો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ યોજવામા આવ્યો હતો.

વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યુ હતુ કે, ભવિષ્ય નિર્માણની જવાબદારી નિભાવનારા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓમા વાંચન, લેખન અને ગણન પ્રક્રિયા સરળ બનાવવા માટે નવતર પ્રયોગો કરી, ડાંગ જિલ્લાની શિક્ષણની ગુણવત્તામા વધારો કરાયો છે. આજે ડાંગ જિલ્લાના છેવાડાની શાળા સુધી શિક્ષણની ઉજાશ પથરાઈ છે.

શ્રી વિજયભાઈ પટેલે શિક્ષકો દ્વારા નવતર પ્રયોગો દ્વારા અનુભવજન્ય શિક્ષણની સરાહના કરી હતી.

શિક્ષણ જગતમા નવતર પ્રયોગો થકી ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા બદલ ડાંગ જિલ્લા પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, તેમજ વઘઈ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિતે શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.શિક્ષકો દ્વારા નવતર પ્રયોગો થકી જ શાળાઓની ગુણવત્તામા વધારો થઈ શકે છે, તેમ જિ.સી.આર.ટી ગાંધીનગરના શ્રી સંજયભાઈ ત્રિવેદીએ જણાવ્યુ હતુ.

વઘઈ ડાયટના પ્રાચાર્યશ્રી ડો.બી.એમ.રાઉતે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતુ કે, હાલના ટેક્નોલોજીના યુગમા શિક્ષણમા આમુલ પરિવર્તન જોવા મળે છે. વિકાસશીલ અને સમૃધ્ધ સમાજમા શિક્ષણમા પરિવર્તન જરૂરી છે, અને હાલમા શાળાના શિક્ષકો દ્વારા અનેક પધ્ધતિઓ પ્રયુક્તિનો શિક્ષણમા ઉપયોગ કરી નવતર પ્રવૃતિઓ કરવામા આવી રહી છે. તેમજ શિક્ષકો દ્વારા નવતર પ્રવૃતિઓ કરવા બદલ શ્રી બી.એમ.રાઉતે શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

વઘઈ ખાતે યોજાયેલ નવમા એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમા ડાંગ જિલ્લાના વિવિધ શાળાના શિક્ષકો દ્વારા નવતર પ્રવૃતિઓની કૃતિઓ રજુ કરવામા આવી હતી.

એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમા વઘઈ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ શ્રી પાઉલભાઈ ગામિત, ડાંગ ભાજપ પાર્ટી પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત, ભાજપ મહામંત્રી શ્રી હરિરામભાઈ સાંવત, સામાજિક કાર્યકર શ્રી સુભાષભાઈ ગાઈન, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વિજયભાઈ દેશમુખ, બી.આર.સી./સી.આર.સી, શિક્ષક સંઘના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારો તેમજ શિક્ષકો અને વિધ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વચ્છતા હી સેવા

# ડાંગ જિલ્લાના સુબીર ગ્રામ પંચાયત દ્વારા પ્રવાસન અને જાહેર સ્થળોની સફાઈ હાથ ધરાઈ



૨ ઓક્ટોબરથી શરૂ કરાયેલ 'સ્વછતા હી સેવા' અભિયાનમા જન પ્રતિનિધિઓ સ્વૈચ્છિક રીતે સફાઈ અભિયાનમા જોડાઈ, સ્વછતાના કાર્યક્રમો આગળ ધપાવી રહ્યા છે.

ડાંગ જિલ્લાના પ્રસિદ્ધ યાત્રા ધામ સુબીર ખાતેના શબરીધામ તેમજ, સુબીર ગ્રામ પંચાયતના જાહેર સ્થળો જેવા કે બસ સ્ટેન્ડ, સી.એચ.સી., સુબીર તાલુકા પંચાયત વિગેરે જગ્યાએ લોકો દ્વારા સ્વૈચ્છિક સફાઈ કાર્ય હાથ ધરી જનજાગૃતિ કેળવવામાં આવી હતી.

# ૧૩ માં ગુજરાત સ્ટેટ શોટોકોન કરાટે ચેમ્પિયનશિપમાં અર્ચના નિકેતનની સિદ્ધિ



વરાછા સ્થિત અર્ચના નિકેતન શાળાના બાળકોએ વી વી નગર આનંદ ખાતે ૧૩ માં ગુજરાત સ્ટેટ શોટોકોન કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૩ માં શાનદાર પર્ફોર્મન્સ બતાવીને ૫ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવી સમગ્ર ટુર્નામેન્ટમાં બીજો સ્થાન પ્રાપ્ત કર્યું હતુ. બાળકોને ચોક્કસ ટ્રેનિંગ અને ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે શાળાના શિક્ષક સંજય મોરે એ વિદ્યાર્થીઓને તાલીમ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે શાળાના ટ્રસ્ટી ધીરુભાઈ પરડવા , આચાર્ય ડો. રજીતા તુમ્મા, નિયામક ચંદુભાઈ ભાલીયા એ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.



ગલ્ફ નો ગરબો.. : લાયન્સ કલબ ગલ્ફ ઓફ કેમ્બે આયોજીત.. પ્રમુખ હેતલ વ્યાસ



૬૮,પ્રાઈડ બંગલો, સુપરસિટી, સાયન્સસિટી રોડ,ભાડજ (મીનાબેન પટેલ) ખાતે ચાંદની ચોક, અંબાજી મંદિર,નારણપુરાના રણછોડ મહિલા મંડળની બહેનો દ્વારા આનંદનો ગરબો યોજવામાં આવ્યો હતો

# સાણંદ જલારામ મંદિર ખાતેનિ:શુલ્ક મેગા આયુષ નિદાન સારવાર કેમ્પ યોજાયો



તા. ૧૮/૧૦/૨૦૨૩ના નિયામક શ્રી આયુષ-ગુજરાત રાજ્ય અને જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી અમદાવાદના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું - શિયાવાડા તથા શ્રી બાપા જલારામ સત્સંગ મંડળના સહયોગ દ્વારા જલારામ મંદિર, સાણંદ ખાતે નિશુલ્ક મેગા આયુષ નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં માન. ધારાસભ્યશ્રી સાણંદ, શ્રી કનુભાઈ પટેલ, માન. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, અમદાવાદ, શ્રીમતિ કંચનબા વાઘેલા, માન. ડી ડી ઓ સર, શ્રી મેહુલ દવે સાહેબ, માન. જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી અમદાવાદ, ડો હેમંત જોષી સાહેબ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, સાણંદ, શ્રીમતિ વસંતબા વાઘેલા, માન. શ્રી શૈલેષભાઈ, મહામંત્રીશ્રી, બીજેપી અમદાવાદ, ટીડીઓ સાણંદ, દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ કેમ્પમાં આયુર્વેદિક વૈદ્ય અજીતસિંહ ગોહિલ – મે.ઓ. શિયાવાડા,

વૈદ્ય ઈન્દ્રજીતસિંહ વાઘેલા, મે. ઓ, સોલા વૈદ્ય ચિરાગ પટેલ, મે.ઓ ઘોડા, અને હોમિયોપેથીક ડો. ધીરેન વ્યાસ, મે.ઓ, મોડાસર તથા ડો હિરેન ચાવડાએ સેવાઓ આપી.

આ કેમ્પમાં ડૉ પલક ડાંગી અને ડો દિપલ ડામોર (પી.જી પંચકર્મ અખંડાનંદ), ડો પ્રતિક પટેલ દ્વારા માનદ સેવા આપેલ.

★જેમાં આયુર્વેદ અને હોમીયોપેથીક ઓપીડી તેમજ અગ્નિકર્મ, પ્રકૃતિ પરીક્ષણ, સ્વસ્થવૃત શિબિર, હેલ્થ અવેરનેસ શિબિર, ચાર્ટ પ્રદર્શની,ઈંઝ, રોગ પ્રતિકારક શક્તિ વર્ધક ઉકાળા , સંશમની વટી, આયુ -૬૪ નું વિતરણ કરવામાં આવ્યું.જેનો સાણંદની જનતા એ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

# ગૌ વિજ્ઞાન, આયુર્વેદ, પંચગવ્ય ચિકિત્સા વિષય પર ત્રિદિવસીય રાષ્ટ્રીય કક્ષાની સંગોષ્ઠી યોજાશે

ગૌ વિજ્ઞાન, આયુર્વેદ, પંચગવ્ય ચિકિત્સા વિષય પર ત્રિદિવસીય રાષ્ટ્રીય કક્ષાની સંગોષ્ઠી તા. ૨, નવેમ્બર, ગુરૂવાર થી તા. ૪ નવેમ્બર, શનિવાર દરમ્યાન ગાયત્રીધામ, એ.બી. રોડ, સેંધવા (જલગાંવ, ઈન્દોર, ધુલીયાથી ૧૫૦ કિમીના) દરમ્યાન યોજાશે.



આ કાર્યક્રમમાં વૈદ્ય રાકેશજી શર્મા (ભારત સરકાર, નવી દિલ્હી), વૈદ્ય હિતેશજી જાની, વૈદ્ય આશુતોષ પાટણકર, વૈદ્ય ઓમપ્રકાશજી સિંહ, વૈદ્ય નંદીની ભોજરાજ, વૈદ્ય સુમિતા જૈન, વૈદ્ય પ્રજ્ઞાન ત્રિપાઠી, ડો. રામસ્વરૂપ ચૌહાણ, ડો. નારાયણ દક્ષિણકર, ડો. સંજય વાતે, ડો. મનીષ દેશમુખ, ડો. અભિષેક દેશમુખ, ડો.,આશીષ અગ્રવાલ, ડો. શ્રેયાંશ જૈન (બનારસ), ડો. કૃષ્ણમુર્તિજી, ડો. પ્રકાશ ઈટનકર, ડો. રાજપાલ કશ્યપજી પંચગવ્ય ચિકિત્સા વિષય પર પોતાનું અનુભવ સિધ્ધ માર્ગદશન આપશે.તા.૩ નવેમ્બરના રોજ ગોપાલભાઈ સુતરીયા દ્વારા ગૌઆધારીત સ્વાવલંબી ખેતી વિષયક માર્ગદર્શન અપાશે. આ કાર્યક્રમ અંતર્ગત, અખિલ વિશ્વ ગાયત્રી પરીવાર રચનાત્મક કેન્દ્ર, ઋષિયુગમ કી દિવ્ય પ્રેરણા દ્વારા સંચાલિત ગૌમાતા સુરભીની તપોભૂમિ ગાયત્રી ધામ, આરણ્યક ગુરૂકુલ, પ્રાકૃતિક ચિકિત્સાલય, પંચગવ્ય, ગૌવિજ્ઞાન, સ્વાવલંબન, જળ તથા જમીન, સ્વાસ્થય સમૃધ્ધિ, સંસ્કૃતિ, સંસ્કાર, રાષ્ટ્રીય સદભાવના પ્રશિષણ મેરી માટી—મેરા દેશ, મેરા કર્તવ્ય, અખંડ પુરૂષાર્થ વિગેરે વિષયો વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.સમગ્ર આયોજનને ભારતીય ગૌવંશ રક્ષણ સંવર્ધન પરીષદ(નવી દિલ્હી), ગૌ વિજ્ઞાનશાળા, દેવલાપર, નાગપુરના સુનીલ માનસિંઘકાજી (પૂર્વ સદસ્ય રાષ્ટ્રીય કામધેનુ આયોગ, ભારતીય જીવજંતુ કલ્યાણ બોડ, રાષ્ટ્રીય પંચગવ્ય અનુસંધાન સમિતી, રાષ્ટ્રીય ગૌવંશ આયોગ) માર્ગદર્શન આપી રહયાં છે.કાર્યક્રમની વિશેષ માહિતી માટે રાજેશજી ગુપ્તા (ઈન્દોર) (મો.૯૮૨૬૦ ૨૨૨૮૦), અભયસિંહજી,(જલગાંવ) મો.૯૫૫૨૨૧૧૦૯૯) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ડાંગ જિલ્લા વઘઇ તાલુકા ગ્રુપ ગ્રામ પંચાયત માં ભ્રષ્ટાચારે પોતાનો સામ્રાજ્ય જમાવ્યું હોય એવું ચોક્સ પણે દેખાય રહ્યું છે...?

પ્રાપ્ત વિગત અનુસાર વઘઈ તાલુકામાં સમાવિષ્ટ ગૃપ ગ્રામ પંચાયત ગોદડીયા. ભ્રષ્ટાચાર નું નજરાણું જેવાં કોશમાળ ગામે.પેવર બ્લોક માં ડસર્ટ પાથર્યા વગર ની કામગીરી જાણવા મળે છે .તો આ કામ માં વઘઈ તાલુકા પંચાયત નાં ઈજનેર દ્વારા તપાસ કરી બીલો પાસ કરવા જરૂરી..? અને બીજી બાજુ થીં જાહેર શૌચાલય ની કામગીરી . એસ્ટીમેન્ટ મુજબ બનવી જોઈએ. તેનાં બદલે કાચી ઈંટના જથ્થો સ્થળ પર




લાવી મુકવામા આવેલ છે . એ પણ ભ્રષ્ટાચાર ખુલ્યામ નજરે પડે છે. ગોદડીયા ગૃપ ગ્રામ પંચાયત મા ગોદડીયા ગામે મિનિ પાઈપ ત્યાર નાં સ્ટેન્ડ પોસ્ટ લાવવામાં આવેલ એનું પણ ખોદકામ કરવામાં આવ્યું નથી જમીન લેવલથી મુકવામા આવેલ છે. આ કામગીરી માં ભ્રષ્ટ્રાચાર ન થાય તે પહેલાં એસ્ટીમેન્ટ મુજબ કામગીરી થવી જરૂરી . મળતી માહિતી મુજબ મિનિ પાઈપ લાઈન માં નવો બોર કરવાનાં જગ્યા જુનાં બોર માં મોટરનાવાની તજવીજ ચાલી રહી છે એ પણ જાણવા મળ્યું છે .તો ગોદડીયા પંચાયત માં તળીયા ઝાટક તપાસ હાથ ધરી સરકાર નાં ધારાધોરણ મુજબ એસ્ટીમેન્ટ પ્રમાણે કામો થવો જોઈએ.

# જગદીશ ત્રિવેદીએ પોતાના નાનાભાઈના પચાસમા જન્મદિવસે તેમના નામની હાઈસ્કુલ અને છાત્રાલય બનાવી ભેટ આપી

પદ્મભૂષણ સ્વામી સચ્ચિદાનંદજીએ બોટાદ જીલ્લાનાં રાણપુર તાલુકાના ખોબા જેવડાં ખસ ગામમાં ડો. કલ્પેશ ત્રિવેદી માધ્યમિક શાળા અને છાત્રાલયનું લોકાર્પણ કર્યુ . આ પ્રસંગે ત્રણ પદ્મશ્રીઓ શાહબુદ્દીન રાઠોડ, ભીખુદાન ગઢવી અને જોરાવરસિંહ જાદવ ઉપસ્થિત રહ્યાસાંસદ રામભાઈ મોકરીયા, નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ચેતન ત્રિવેદી અને કટારલેખક જય વસાવડા પણ ખાસ હાજર રહ્યા૩૦૯ શાળાના મનોરથી માતુશ્રી કાશીબા ગોટી ચેરીટેબલ ટ્રસ્ટના કેશુભાઈ ભગત સાથે મળીને જગદીશ ત્રિવેદીએ આશરે ૭૦ લાખ રુપિયાના ખર્ચે ભવન બનાવ્યું

ખસના વતની અને સમાજસેવક કાંતિલાલ લક્ષ્મીચંદ શાહ દ્વારા આ ભવનના કમ્પાઉન્ડ વોલ અને ગેટનું અનુદાન પ્રાપ્ત થયું હતું તેમજ ભાવેશભાઈ છબીલદાસ હકાણી પરિવાર તરફથી આખા ખસ ગામને ધુમાડાબંધ જમાડવાનો ખર્ચ આપવામાં આવ્યો હતો. જગદીશ ત્રિવેદી જેમાં નિમિત્ત થયા હોય એવી આ દસમી સરકારી શાળા હતી, તદુપરાંત સાત પુસ્તકાલય અને એક બાળ આરોગ્ય સેવાકેન્દ્ર મળીને એમનું વ્યક્તિગત દાન સાડા આઠ કરોડને પાર કરી ગયું છે.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.